**રે.મુ. નં – ૨૪/૨૦૨૩**

**CNR NO : GJLV070008202023**

**<u>પ્રતિવાદીની આંક – ૧૨ થી રજુ સી.પી.સી ઓર્ડર ૭ રુલ ૧૧ (એ) અને (ડી) મુજબ વાદીનો દાવો રદ કરવાની અરજી લગત હુકમ</u>**

(૧) પ્રતિવાદીની હાલની અરજી વંચાણે લીધી .આ કામના પ્રતિવાદી તરફે વિદ્વાન વકીલ શ્રી કે.જી રાઉલજીએ અરજી મુજબ મૌખિક દલીલો કરેલ છે કે આ કામના વાદીનો દાવો સિવિલ પ્રોસિજર કોડની જોગવાઈ ઓર્ડર ૭ રુલ ૧૧ મુજબ રદ થવાને પાત્ર છે. વધુમાં જણાવેલ છે કે સદર દાવાવાળી જમીન અમોને વડીલોપાર્જીત વારસાઈના હકકે મળેલી અમારી માલીકીની તેમજ સ્વતંત્ર કબ્જા ભોગવટાવાળી જમીન આવેલ છે જે જમીન અમારા પિતાની હોય જેથી જન્મ જાત રીતે અમોએ તેનો માલીકી હકક મેળવેલ છે તેમજ અમારા પિતાજી મૈયત થયા બાદ તેમના વારસદાર તરીકે એક માત્ર સંતાન હોવાના કારણે વારસાઈ કરાવવાથી વારસાઈ હકકે રેવન્યુ રેકર્ડમા માલીક તરીકે ૭/૧૨ તથા ૮–અ ના ઉતારામા અમો પ્રતિવાદી જુબેદાબાનુ હુસેનભાઈ સીદીભાઈનુ નોંધ નં.૮૧૫ થી નામ દાખલ થયેલ છે.જે પ્રથમ દર્શનીય રેકર્ડ ધ્યાને લેવામા આવે તો તે ઉપરથી પ્રથમ દર્શનીય રીતે જ અમો પ્રતિવાદી સદર મીલકતના માલીક હોવાનુ જાહેર થાય છે. તેમ છતા સદર કામના વાદીઓએ અમો પ્રતિવાદીને કોઈ ભાઈ ન હોવાના કારણે અમો સ્ત્રી માણસ હોય અમો લગ્ન કરી અમારી સાસરીમા રહેતા હોય અને ખેતી કામ કરાવવા માટે અમારી સાસરીમાથી અવર જવર કરતા હોય તે સઘળી હકીકતોનો લાભ ઉઠાવી અમારી મીલકત પચાવી પાડવા માટે ખોટી હકીકતો ઉપજાવી કાઢી હાલનો ખોટો દાવો કરી ખોટી દાદો માંગેલ છે.

વધુમાં જણાવેલ છે કે સદર કામની દાવાવાળી જમીનના અમો પ્રતિવાદી એક માત્ર કબ્જેદાર અને માલિક છીએ આ કામના વાદીઓનો સદર દાવાવાળી જમીનમા કોઈ પણ

જાતનો હકક અધિકાર કે હિસ્સો આવેલો નથી જે સદર કામના દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડ ઉપર ફલિત થાય છે સદર કામે અમોએ રજુ કરેલ મીલકતની વેરા પાવતીઓ જોવામા આવે તો સદર મીલકતના મહેસુલના વેરાઓ પણ અમો પ્રતિવાદી જ ભરતા આવેલા છીએ જે ઉપરથી અમો પ્રતિવાદીનો કબજો ફલિત થાય છે ઉપરાંત અમોએ સદર દાવાવાળી જમીન પૈકી સર્વે નં.૭૭૭– ૩૧ વાળી જમીનમા બાજરીનુ ઉત્પાદન લઈ સદર જમીન ચોખ્ખી કરેલ છે અને સદરહુ જમીનમા અમોએ પાણીની સગવડ માટે બોરકુવો કરેલ છે જે બોરકુવા માટે વીજળીની જરૂર હોય જેથી લાઈટ કનેકશન માટે અમો પ્રતિવાદીએ અમારા નામનુ મીટર લેવા માટે અરજી પણ કરેલ છે જે માટેની પૈસા ભર્યાની પાવતી આ કામે રજુ કરેલ છે. ઉપરાંત અમો પ્રતિવાદીએ અમારી ખેતીના ઓજારો મુકવા માટે પતરાવાળી ઓરડી પણ બનાવેલી છે જે ઓરડીમા લાકડા તથા થોડા વાસણો અમો મુકી રાખીએ છીએ તેમજ અમારા તથા ખેતરમા કામ કરતા મજુરોને પીવડાવવા માટે પાણી પણ ભરી રાખીએ છીએ તેવી જ રીતે સર્વે નં.૩૭૭/૭ વાળા ખેતરમા ઘાસ ચારો વેચવાના ઈરાદે સુંઢીયાનુ વાવેતર કરેલ છે અને તે જમીનમા ખાસો મોટો સુંઢીયાનો પાક હાલ પણ મોજુદ છે ઉપરાંત તે જમીનમા અમોએ વર્ષો પહેલા પાણીની સગવડ પૂરી પાડવા માટે જુનો બોર કુવો કરાવેલ હતો જેમા હાલ સુકાઈ જવાના કારણે પાણી ન હોવાથી ખુલ્લો પડી રહેલ છે આમ બંને જમીનોમા અમો પ્રતિવાદી જાતે તથા મજુરો ધ્વારા ખેતી કરાવડાવીએ છીએ અને તેમાથી પાક મેળવી અમારા પરિવારજનોને આર્થિક રીતે મદદરૂપ થઈએ છીએ જો આ સઘળી હકીકતોને નજર અંદાજ કરી વાદીઓના માંગ્યા મુજબની દાદ આપવામા આવે અથવા તો વચગાળાનો મનાઈ હુકમ મંજુર કરવામા આવે તો સદર દાવાનો પ્રથમ દર્શનીય કેસ અમો પ્રતિવાદીની તરફેણનો હોવા છતા તેમજ બેલેન્સ ઓફ કન્વીનન્સી અમો પ્રતિવાદીના તરફેણમા હોવા છતા અમોને નાણાથી ન ભરપાઈ થઈ શકે તેવુ નુકશાન જાય તેમ છે જેથી

વાદીઓનો દાવો તથા મનાઈ અરજી નાંમજુર કરવા પાત્ર હોય નામંજુર કરશોજી. વધુમાં જણાવેલ છે કે સદર કામના પ્રા.વાદીઓ તેમના દાવામા ખોટી હકીકતો જણાવી આવો દાવો કરવાનો કોઈ હકક કે અધિકાર ન હોવા છતા ખોટા અધિકારો સ્થાપવાના બદ ઈરાદે દાવા અરજી તથા મનાઈ અરજીમા ખોટી હકીકતો લઈ આપ ના.કોર્ટમા ખોટી દાદો માંગવા આવેલ છે સદર કામના વાદીના દાવાની આંક –૧ ના પેરા (૨) ની હકીકત જોવામા આવે તો વાદી સદર દાવાવાળી જમીન અમો પ્રતિવાદીના ગુજ.પિતા નામે હુસેનભાઈ સીદીભાઈ નાઓએ સંવત ૨૦૩૧ ના ચૈત્ર વદી ૧૧ ને મંગળવાર તા.૬/૫/૧૯૭૫ ના દીને સોલંકી ધુળાભાઈ કાળુસંગ તથા બારીયા હીરાભાઈ બાબુભાઈને ગીરો કરારથી આપેલાની હકીકત જણાવે છે પરંતુ સદર કામનુ રેવન્યુ રેકર્ડ જોવામા આવે તો આવા કોઈ ગીરો કરારની નોંધ પડેલ હોય તેવુ જણાઈ આવતુ નથી જે ઉપરથી સદરહુ હકીકત ઉપજાવેલી અને ખોટી જણાવેલી જણાય આવે છે.આગળ વધુમા સદર કામના વાદીઓ જણાવે છે કે આ જમીનને ગુજ.મહંમદભાઈ ગલુભાઈએ ધુળસંગ કાળુસંગ અને હિરાભાઈ બાબુભાઈ અને પ્રતાપભાઈ છત્રાભાઈ બારીયાની રૂબરુમા તા.૦૫/૦૬/૧૯૯૦ ના રોજ રૂા.૨૬૦૦/– મા હુસેનભાઈ સીદીભાઈ ના વતી વેચાણ પેટે ચુકવી આપેલા અને તે મુજબ તા.૦૫/૦૬/૧૯૯૦ ના રોજથી હુસેનભાઈ સીદીભાઈ અને અન્યોની રૂબરુમા કબજો મહંમદ ગુલામભાઈને સોંપેલાની હકીકતો જણાવેલી છે. જે હકીકત સાચી હોત તો સદરહુ દાવાવાળી જમીન વેચાણ રાખ્યા બાદ તે જમીનમા દસ્તાવેજની નોંધ થયેલ હોત અને હકીકતમા તે જમીનમા જો વાદીઓનો કબજો ભોગવટો હોત તો સદરહુ દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડમા આ કામના વાદીઓએ પોતાના નામો ચઢાવવા માટે આજ દિન સુધી કોઈ જાતના હેલો હરકત કે પ્રયત્ન કરેલ હોત પરંતુ સદર કામે રેવન્યુ રેકર્ડ કલીયર છે અને તે રેવન્યુ રેકર્ડમા આ કામના વાદીઓએ જણાવ્યા મુજબ કોઈ પણ દસ્તાવેજની નોંધ થયેલ નથી અને ટ્રાન્સફર ઓફ

પ્રોપર્ટી એકટની જોગવાઈઓ મુજબ જો ખરેખર વેચાણ થયેલ હોત તો તેની વેચાણ દસ્તાવેજની રજીસ્ટ્રાર સમક્ષ નોંધ થયેલી હોત અને તેના વેચાણ રાખનારાઓના નામો ચઢેલા હોત પરંતુ તેવી કોઈ હકીકત સદર દાવાને લગતી મીલકતમા બન્નેલ નથી. ઉપરાંત સદર કામના વાદીઓએ જણાવ્યા મુજબ સદરહુ જમીન ઉપર જો આ કામના વાદીઓનો આટલા લાંબા સમયથી ખરેખર કબજો ભોગવટો રહેલ હોત અને તેઓ દાવાવાળી જમીનના માલીક હોત તો તેઓએ અમો પ્રતિવાદીના પિતાની વારસાઈ નોંધ સમયે વાંધો ઉઠાવેલ હોત કે તે સંદર્ભે અપીલ કરેલ હોત પરંતુ આટલો લાંબો સમય વિત્યા છતા આ કામના વાદીઓએ તેવુ કાંઈ કરેલ નથી.ઉપરાંત આ કામના વાદીઓ દાવા અરજીના પેરા (૨) મા સદરહુ દાવાવાળી જમીન વેચાણ રાખ્યાનુ જણાવે છે જયારે પેરા (૩) મા સદર કામના વાદીઓ અમો પ્રતિવાદીના ભાઈ તરીકેના સામાજિક વ્યવહારો અદા કરતા હોવાના અને કૌટુંબિક સબંધો રાખતા હોવાના કારણે તે સબંધોના બદલામા જમીન આપેલ હોવાની ખોટી હકીકતો જણાવે છે જે ઉપરથી પણ ફલિત થાય છે કે વાદીઓ જુઠ્ઠાણાને સાબિત કરવા માટે બુધ્ધિપૂર્વક કલેવર પ્લીડીંગ કરવાની કોશિસ કરી રહયા છે તેઓ પોતે પણ પોતાની દાવા અરજીમા કોઈક એક હકીકત પર આધાર રાખતા નથી જે સદર દાવા અરજીના પ્રથમ દર્શનીય પ્લીડીંગ ઉપરથી જ સમજી શકાય છે ખરી હકીકતે આ કામના વાદીઓ અમો પ્રતિવાદી બાઈ માણસ હોવાના કારણે અને અમોને કોઈ સગો ભાઈ ન હોવાના કારણે હાલ વિરપુર મુકામેની જમીનોના ભાવ વધી રહેલ હોય જેથી બળજબરીથી અમારી જમીન પડાવી લેવાનો પ્રયત્ન કરતા સફળતા ન મળી શકેલ હોવાથી ખોટી હકીકતો અને ખોટી વાર્તાઓ ઉભી કરી અમો પ્રતિવાદીની બાપ દાદાઓની વડીલો પાર્જીત મીલકત પડાવી લેવા માંગતા હોય જેથી ન્યાયને ખાતર રચાયેલા કાયદાના અમો પ્રતિવાદી વિરુધ્ધ દુર ઉપયોગ કરી હાલનો ખોટો દાવો કરેલ છે.આમ જો સદર કામના વાદી પોતાના ખોટા દાવાને આધારરૂપ

બનાવી તેમા વાદીઓના દાવાની આંક–૧ ના પેરા નં.(૨) મા તેમના વડીલોએ સદર જમીન વેચાણ પેટે રૂા.૨૬૦૦/– ચુકવી તા.૫/૬/૧૯૯૦ ના રોજ વેચાણથી રાખેલાનું જણાવે છે પરંતુ તે હકીકત જો સાચી હોય તો તેના સમર્થનમા કોઈ વેચાણ દસ્તાવેજ રજ કરેલ ન હોય સદર દાવાની હકીકતને ટ્રાન્સફર ઓફ પ્રોપટી એકટની જોગવાઈઓનો બાધ નડે છે ઉપરાંત સદર દાવાવાળી જમીનનો કબજો સને ૧૯૯૦ ની સાલથી જો વાદીઓ ધરાવતા હોત તો વાદીઓએ તે સમયે પોતે માલિક હોવાનું ઠરાવવાનું હુકમ મેળવવા ના.કોર્ટમા આવવુ જોઈત હતુ અને તેઓની હકીકતો સાચી જણાવેલી હોત તો વાદીઓએ સમય મર્યાદાની અંદર સદર દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડમા થતા પરિવર્તનોને પડકારેલા હોત અપીલ કરેલ હોત કે વાંધા રજુ કરેલ હોત ઉપરાંત સદર જમીન ઉપર અમો પ્રતિવાદીએ ઘણી વખત લોન લઈ તેમજ લોન ભરપાઈ કરી બોજા દાખલ તથા બોજા કમી કરાવેલ છે તેમ છતા આ કામના વાદીઓ તે સમયે આપ ના.કોર્ટમા આવી કોઈ હકીકતો લાવેલ ન હોય જેથી સમય મર્યાદાના કાયદાનો પણ હાલના દાવાને બાધ નડે છે ઉપરાંત આ કામના વાદીએ આટલા જુના રેકર્ડના પુરાવાને નજર અંદાજ કરી દાવાનુ ખોટુ કારણ જણાવેલ હોય અને તે ખોટા કારણોના સમર્થનમા સાબિત કરવા કોઈ પણ યોગ્ય અસરકારક પુરાવાઓ રજુ કરી શકેલ ન હોય જેથી પણ દાવા અરજીના યોગ્ય કારણોના અભાવે પણ હાલનો દાવો ટકવાપાત્ર ના હોય રદ કરશોજી.

વધુમાં જણાવેલ છે કે સદર કામે દાવામા માંગેલ મનાઈ તથા દાવા અરજીનુ મથાળુ જોવામા આવે તો સદર કામના વાદીએ વિશિષ્ટ દાદ અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૩૪ મુજબ જાહેરાતની દાદ માંગેલ છે જે દાદ વાદીઓના જણાવ્યા મુજબ જો તેઓની સદર દાવાવાળી જમીન વેચાણથી તા.૦૯/૦૬/૧૯૯૦ ના રોજ મળેલ હોય તો તેઓએ તે સમયથી લીમીટેશનની અંદર જાહેરાત માટેની દાદ લઈ ના.કોર્ટમા આવવુ જોઈતુ હતુ અને

જો બીજી રીતે દાવા અરજીની લીમીટેશન દાવા બાબતેના કારણની જાણ થયેલ હોય (age of knowledge) ત્યારથી ગણી શકાય જે મુજબ જો વાદીઓ ૧૯૯૦ ની સાલથી કબજો ધરાવતા હોય અને તે જમીનના રેવન્યુ રેકર્ડ આટલા વર્ષો સુધી જોયેલ ન હોય તેવુ બની શકે નહિ ઉપરાંત સદર દાવાવાળી જમીન ખરેખર વાદીઓના પિતાજીએ વેચાણથી રાખેલ હોત તો અમો પ્રતિવાદીએ તેમા લોન લઈ બોજો દાખલ કરી તથા બોજો કમી કરાવેલ હોય તે સઘળી હકીકતની તેઓને આટલા લાંબા સમય સુધી જાણ ન થાય તેવ બની શકે નહિ તેમજ વાદીઓ વિરપુર ગામના જ વતનીઓ છે તેમ છતા વિરપુરની જમીનના ફેરફારો અને તેમા અમો પ્રતિવાદીઓ બોર કુવો કરાવીએ તેમ છતા તેઓની જાણ બહાર રહે તે સઘળી હકીકતો માની શકાય તેમ ના હોય જેથી લીમીટિશનનો પણ વાદીઓના દાવાને બાધ નડે છે.વાદીઓએ દાવામા જાણે કે રજીસ્ટ્રેશન એકટ, ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટ,સ્ટેમ્પ એકટ તથા લીમીટિશન એકટનો કાયદો અમલમા જ ન હોય તેમ હાલના તબકકે લાવેલ હોય વાદીઓ સદર દાવાવાળી જમીન ૧૯૯૦ ની સાલથી કબ્જો ધરાવતા હોવાનુ તથા વેચાણથી મેળવેલ હોવાનુ જણાવતા હોય તો તેઓએ પોતાના નામનુ ટાઈટલ કરાવવા તથા જાહેરાત કરાવવા માટે તે સમયથી યોગ્ય લીમીટિશનની અંદર આવવ જોઈતુ હતુ અને જો તેઓ સતત કબજો ધરાવતા હોવાનુ કહેતા હોય તો તે બાબતે વાદીઓએ કોઈ જાતનો પુરાવો રજુ કરેલ ન હોય અને હાલ ફકત અમો પ્રતિવાદીએ અમારી પોતાની માલીકીની પોતાના કબજા ભોગવટાની જમીન વાદીઓ પાસે માંગણી કરવા જઈએ અને તેઓને ધમકી આપીએ તે કારણ માની શકાય તેમ નથી ફકત ને ફકત ખોટી હકીકતો જણાવી વ્હાઈટ કોલરના ગુંડાઓ બની કાયદાઓને ઢાલ બનાવી અમો બાઈ માણસની જમીન પચાવી પાડવા ખોટી રીતે લીમીટિશનમા લાવવા ખોટો દાવો કરેલ હોય સદર દાવો લીમીટિશન

બહારનો હોય તેમજ તેમા કોઝ ઓફ એકશન યોગ્ય રીતે જણાવેલ ન હોય જેથી પણ સદર દાવો સીપીસી ઓર્ડર ૭ રૂલ ૧૧ (એ) તથા (ડી) મુજબ રદ થવાને પાત્ર છે.

ના.સુપ્રિમ કોર્ટના Justice_V.N.Khare and justice S.N.Variava (Division bench) (2000(7) SCC 702 ) Smt. Dilboo (dead) by Lrs & ors vs Dhanraji ના ચુકાદામા સેટલ કરેલ લો વાંચતા પણ ડેટ ઓફ નોલેજ જયારથી ડોકયુમેન્ટસ રજીસ્ટર કરવામા આવે ત્યારથી ગણાશે તેવા પ્રસ્થાપિત કરેલ છે અને તે સમગ્ર હકીકત ધ્યાને લેતા પણ વાદીઓનો દાવો દેખીતી રીતે જ લીમીટેશનની જોગવાઈઓનો બાધ તે તેવુ સ્પષ્ટપણે જોઈ શકાય છે એટલે કે ઉપરોકત ચુકાદા મુજબ અમોએ કરેલા સદર દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડના જુદા જુદા ફેરફારો વિગેરેને એજ નોફ નોલેજ ગણી શકાય.<u>ના.ગુજરાત હાઈકોર્ટના **Civil Revision Application Number: 186/2011 justice M.R.shah (2013 (1) GLR 398 ) Becharbhai Javerbhai Patel VS Jasbhai Shivabhai patel** ચુકાદાને ધ્યાને લેતા તેમા સેટલ પ્રિન્સિપાલ પ્રમાણે દાવા અરજીમા કરવામા આવેલ કથન અને તેની સાથે રજુ કરેલા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા જો દાવો સમય મર્યાદાથી બાધિત થતો હોય તો સીપીસી ઓર્ડર ૭ રૂલ ૧૧ ડી મુજબ નકારી કાઢવો જોઈએ અને દાવામા દસ્તાવેજ નોંધણીની તારીખ જાણ બાબતની તારીખ ગણાશે ત્યારબાદ હોશિયારીપૂર્વકના ડ્રાફ્ટીંગથી દાવાને સમય મર્યાદામા લાવી શકાય નહિ ઉપરોકત ચુકાદાને દાવામા લાગુ પાડી શકાય અને દાવાવાળી મીલકતમા રજુ થયેલા રેવન્યુ રેકર્ડ તથા દાવા અરજીમા જણાવેલી હકીકતો જોઈ તે મુજબ લીમીટેશન માટેની ગણતરી માટે લેવાયેલ તારીખ ગણી શકાય.</u>

આમ, ઉપર મુજબની તમામ હકીકતો તેમજ રેકર્ડ પર પડેલ વાદીઓની દાવા અરજી તથા તે સાથે રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ તથા અમો પ્રતિવાદી તર્ફે આ સાથે રજુ દસ્તાવેજી પુરાવાઓ તથા ઉપર જણાવેલ ચુકાદાઓને ધ્યાને લઈ વાદીઓના દાવાને કોઝ

ઓફ એકશન સ્પસ્ટ રીતે જણાવેલ ન હોય તેમજ વાદીની દાદ દાવા અરજીનુ ટાઈટલ તથા દાવા અરજીનુ લખાણ તથા દાવાવાળી જમીનનુ રેવન્યુ રેકર્ડ જોતા વાદીઓના દાવાને રજીસ્ટ્રેશન એકટ, ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટ તથા સમય મર્યાદાનો બાધ હોય અને દાવો કરવાનો કોઈ કારણ ઉપસ્થિત થતુ ન હોય કે પ્રતિવાદીઓને દાવો કરવાનો કોઈ હકક કે અધિકાર પ્રથમ દર્શનીય ઉપસ્થિત થતો ન હોય અમારી સીપીસી ઓર્ડર ૭ રૂલ ૧૧ ની (એ) તથા (ડી) મુજબની અરજી મંજુર કરી વાદીઓનો દાવો ખર્ચ સહ નામંજુર કરવા હુકમ થવા મહે.કરશોજી.

પ્રતિવાદી તરફે પોતાની અરજી તથા દલીલોના સમર્થનમાં નીચે મુજબ ઓથોરીટી રજુ કરેલ છે .જે માનસહ વંચાણે લીધેલ છે .

(1) Becharbhai Zaverhbai Patel ad Anr V. Jashbhai Shivabhai Patel

(2) Balkrishnna S. Dalwale (dead) y Lrs vs Vithabhai C. Rathod Supreme Court of India, Civil appeal no 3372/2003

(3) Rajendra Bajoria Vs Hemant Kumar Jalan , Supreme Court AIR Online 2021

(4) Jaman Shamji Fadadu vs Sadik Mahmad Sidik, Guajart High Court , Civil Revision Application , 345/2018 .

(૨) આ કામના વાદી તરફે સદર અરજીના અનુસંધાને આંક – ૨૧ થી લેખિત જવાબ રજુ કરેલ છે જે વંચાણે લીધેલ છે. વધુમાં આંક ૩૧ થી લેખિત દલીલો રજુ કરેલ છે જે વંચાણે લીધેલ છે . જે મુજબ વિદ્વાન વકીલ શ્રી ડી.બી ઓથરનાઓએ પણ મૌખિક દલીલો કરેલ છે કે દાવાની તમામ હકીકત સાચી છે અને અમો વાદીઓનું દાવાવાળી મિલકત સંદર્ભે વ્યાજબી

કારણ ઉપસ્થિત થયેલ છે અને અમો વાદીનો સળંગ અને સતત કબજો અમો વાદીઓનો આવેલો અને તે શાંત,પ્રત્યક્ષ કબજામાં આ કામના પ્રતિવાદી અને તેમના મળતીયાઓએ હેલો, હરકત અને દખલઅંતરાય કરતાં......દાવો અને મનાઈ અરજી કરવાનું કારણ ઉપસ્થિત થયેલ હોય હાલનો દાવો કરેલ છે, જેને સમયમર્યાદાના કોઈ કાયદાનો બાઘ નડતો નથી, કે આવેલો નથી......પ્રતિવાદી તેમની અરજીમાં એમ જણાવે છે કે, તા.૦૫/૦૬/૧૯૯૦ ના રોજ લખાંણ લખેલ અને કબજો મહંમદગલુ ને સોંપેલ.....તેવું લખાંણ તા.૦૬/૦૫/૧૯૭૫ ની સાલમાં લખેલા લખાંણ માં અલાયદી રીતે લખી આપેલ છે....જેનો આ કામના પ્રતિવાદી તેવું અર્થઘટન કરે છે કે, ૧૯૯૦ નું લખાંણ સને–૧૯૭૫ ની સાલમાં કેવી રીતે લખેલ છે ? પરંતુ સને–૧૯૭૫ ની સાલમાં જે લેખ લખવામાં આવેલ તે લેખમાં અલાયદી રીતે એટલે કે, અલગ થી લખાંણ ૧૯૭૫ ના લેખમાં જયાં બાકી/ખાલી જગ્યા હતી તેમાં લખેલ છે, જે લેખમાં અગાઉ સદર તકરારી દાવાવાળી મીલકત બાબતે લખાંણ લખેલ હતું....આમ આ કામના પ્રતિવાદી આપ નામદાર કોર્ટને ખોટી રીતે ગેરમારગે દોરી રહેલ છે અને પોતાની રીતે મનઘડત રીતે અર્થઘટન કરી રહેલા છે અને હાલની અરજી ખોટા કારણો ઉભા કરીને આપેલ છે, તેથી રદ થવાને પાત્ર છે.વધુમાં જણાવેલ છે કે ઓર્ડર–૭, રુલ)૧ ના તમામ પાસા રુલ–૧– (એફ)(જી)(એચ)(આઈ) માં બતાવેલ જોગવાઈઓ મુજબ અક્ષરસઃ દાવો દાખલ કરેલ છે, દાવામાં ઓર્ડર–૭,રુલ–૧ ના તમામ તત્વોનો સમાવેશ કરવામાં આવેલ છે અને હાલનો દાવો ઘડવામાં આવેલ છે, તેથી દાવો ઘડવામાં રુલ–૧ ના તમામ પાસાઓને દાવો, દાવાની વિષયવસ્તુ, દાવાનું કારણ, દાવાની દાદ, વિગેરે નો સમાવેશ કરેલ છે, તેથી પણ હાલની પ્રતિવાદીની અરજી ટકવાપાત્ર નથી.વાદીઓએ દાવામાં દાવો કરવાનું કારણ ઉપસ્થિત થયેલાની હકીકત જણાવેલ છે, અને આ કામના પ્રતિવાદીએ અમારા સતત અને સળંગ આવેલા કબજા

ભોગવટામાં હેલો, હરકત અને દખલઅંતરાય કરેલ, તેથી કારણ ઉપસ્થિત થયેલ" તેમના કહેવા પ્રમાણે...સને–૧૯૯૦ ની સાલથી લીમીટેશન ચાલુ થાય છે....અમો વાદી જણાવીએ છીએ કે, સને–૧૯૯૦ ની સાલ થી અમારો કબજો ભોગવટો અને વાપર ઉપભોગ આવેલો હતો ત્યારથી કયારેય પ્રતિવાદી અમારી કબજાભોગવાટાની જમીનમાં આવેલા નથી કે તેમના કોઈ એજન્ટ એસાઈનીઓ પણ આવેલા નથી કે અમોને દખલ અંતરાય કરેલ ના હોય કોઈ પણ પ્રકારનું દીવાની પ્રકારનું ગેરકાયદેસર કૃત્ય આચરેલ ના હતું તેથી દાવો કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ ના હોય અમારા વડવા કે અમોએ સને–૧૯૯૦ ની સાલમાં અને ત્યાર બાદ હાલનો દાવો કર્યો તે અગાઉ કોઈ દાવો કરેલ નથી. અમો વાદી વધુમાંજણાવીએ છીએ કે, પ્રતિવાદીએ સને–૧૯૯૦ ની સાલમાં વાદીએ પોતે માલીક ઠરાવવાનું હુકમ નામું મેળવવા નામદાર કોર્ટમાં આવવું જોઈતુ હતુ.......એટલે કે, ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટ નો બાધ નડે છે,....પરંતુ ખરેખર આ તકરારી મીલકત સને–૧૯૭૫ ની સાલથીજ પ્રતિવાદીના વડવાઓએ અન્ય ત્રાહીત ઈસમ ધુળાભાઈ કાળસંગ અને બારીયા હીરાભાઈ બાબુભાઈને ગીરો કરાર થી લખી આપેલ હતી, એટલે જે તે સમયે કરારો પ્રતિવાદીના પુર્વજો વચ્ચે અગાઉ થઈ ગયેલા હતા અને અમારા વડવાએ સદર મીલકત રૂા.૨૬૦૦/– માં ચુકવી આપેલા અને તેનું લખાંણ ૧૯૭૫ ના સ્ટેમ્પ પેપરમાં અલાયદું લખેલ છે, જે હકીકતે જયારે સને–૧૯૭૫ તથા સને–૧૯૯૦ ની સાલમાં સદરહુ તકરારી દાવાવાળી ખેતીની જમીન પ્રતિવાદીના પુર્વજ/વડીલ એ વેચાણ કરી દીધેલ છે, ત્યારે પ્રતિવાદીએ ખોટી રીતે ટી.પી.એકટ એપ્લાય કરવાની કોશીશ કરેલ છે અને પુરાવાના સ્ટેજે અમો વાદીએ જે પુરવાર કરવાની બાબત છે, પરંતુ આ કામના પ્રતિવાદીએ મનઘડત હકીકતો જણાવેલ છે, તેથી પણ અરજી ટકી શકે તેમ નથી.વધુમાં જણાવેલ છે કે અમો વાદી વધુમાં ખુલાસો કરી જણાવીએ છીએ કે, પ્રતિવાદી સેટલન લો ની વાત કરે છે અને

જણાવે છે કે, '' નોલેજ ઓફ ડોકયુમેન્ટસ રજીસ્ટર કરવામાં આવે ત્યારથી સમયમર્યાદા ગણાશે.....પરંતુ અમારો દાવો નોલેજ ઓફ ડોકયુમેન્ટસ ના આધારે કરેલ નથી, અમારી દાવા અરજીના પેરા નં.૫ માં અમોએ દાવા અરજીનું સ્પષ્ટ કારણ જણાવેલ છે, અને તે કારણ માં કોઈ ડોકયુમેન્ટસ અમારા ધ્યાને આવેલ હોય, તકરારી દાવાવાળી મીલકતની ૭/૧૨ ની નકલો અમાએ કઢાવી હોય, અને અમો ને ત્યારે ખબર પડેલ હોય અને તકરારી દાવા વાળી મીલકત બાબતે કોઈ કારણ ઉપસ્થિત થયેલ હોય અને ત્યારથી અમારું લીમીટેશન ચાલુ થયેલ હોય, તેવી કોઈ હકીકતો અમો વાદીની દાવા અરજી કે મનાઈ અરજીમાં જણાવેલ નથી, તેથી પણ પ્રતિવાદીની હાલની અરજી મા જણાવેલ હકીકતો સાચી અને ખરી ના હોય માની શકાય નહીં, અને તેમણે રજુ કરેલ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદો અમારી દાવા તથા મનાઈ અરજીને કોઈપણ રીતે અસર કરતું નથી કે અમારી દાવા અરજી અને નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા ઠરાવવામાં આવેલ કેસની હકીકતો અને અમારી હાલની દાવા અરજીની હકીકતો એકબીજાને લાગુ પડતી નથી કારણ કે, કેસના સંજોગો અને પરિસ્થિતિ અને હકીકતો એકસરખી હોય, તોજ લાગુ પડે અને જયારે અમો વાદીના કેસના સંજોગો જ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ના સંજોગો થી અલગ અલગ છુ ત્યારે તે ઠરાવેલી બાબતો અમારા દાવાના કેસમાં લાગુ પાડી શકાય નહીં, તેવીજ રીત. નામદાર ગુજરાત હાઈકોર્ટના લીમીટેશનના જજમેન્ટસ ને આધાર બનાવી રજુ કરેલ હકીકતો પણ માની શકાય નહી, અમારા દાવાની હકીકતો સાથે તે સુસંગત ના હોય તે પણ માની શકાય નહી અને લાગુ પાડી શકાય નહીં, આમ આ બંને જજમેન્ટ માત્ર અને માત્ર નામદાર કોર્ટને ગેરમારગે દોરાવના પ્રયત્નો સમાન છે, તેથી પણ હાલની અરજી ટકી શકે તેમ નથી. આમ આ કામે ઓર્ડર–૭, રુલ (એ) અને (ડી) ની જોગવાઈઓ ધ્યાને લેવામાં આવે તો પ્રતિવાદીની હાલની અરજી અને અરજીમાં જણાવેલી હકીકતો અને અરજી સાથે રજુ

કરેલ જજમેન્ટ અમારી દાવા તથા મનાઈ અરજી સાથે સહેજ પણ સુસંગત ના હોય, તથા ઓર્ડર–૭, રુલ (એ) અને (ડી) ની જોગવાઈઓ જોતાં પણ વ્યાજબી અને યોગ્ય કારણ દાવા તથા મનાઈ અરજીમાં જણાવેલ છે, અને કોઈપણ દીવાની કાયદાનો બાધ નડતો હોય, તેવી કોઈ હકીકતો પુરાવા લીધા સિવાય પુરવાર કરી શકાય તેમ ના હોય, ઉપરના અમો વાદીના ખુલાસાને ધ્યાને લઈ પ્રતિવાદીની હાલની અરજી ખર્ચ સહીત રદ/નામંજુર કરવી જોઈએ. અમો વાદી ટી.મોહનરાજ વિ.અકિલા થિરુવિડાનકોર સિધ્ધ વૈધ...૧૭ ઓગષ્ટ,૨૦૧૧ માં " સીવીલ પ્રોસીજર કોડના ઓર્ડર ૭ નિયમ–૧૧ હેઠળ પ્રારંભિક સ્થિત માં યોગ્ય પુછપરછ કર્યા વિના દાવા અરજીને નકારવી જોઈએ નહીં, તે જ સમયે, કાયદાની અદાલત પાસે એ જોવા માટે પુરતી સત્તા છે કે, અને જયારે દાવા અરજીનું કારણ જાહેર થતું હોય ત્યાં દાવા અરજીનો નકાર કરવાનું કારણ નથી, પરંતુ કેસની હકીકતો વાંચવામાં આવશે'' આમ જયારે કોઈ હકીકતો દાવા અરજી માં જણાવેલ હોય, અને દાવા અરજી કરવાનું વ્યાજબી કારણ જણાવેલ હોય ત્યારે અને તેવા સંજોગોમાં દાવા અરજીને કોઈ પણ કાયદાનો બાધ ઓર્ડર–૭,રુલ–૧૧ માં જણાવેલા તત્વોનો બાધ નડતો નથી. આમ અમો વાદીએ કરેલ હાલની દાવા અરજી ટકેવાપાત્ર, ચાલવાપાત્ર હોય, પ્રતિવાદીની અરજી કાયદેસર રીતે ટકી શકે તેમ ના હોય તથા ચાલી શકે તેમ ના હોય, ખર્ચ સહીત રદ કરવી જોઈએ.

(૩) સદર કામે પ્રતિવાદીની હાલની અરજી તથા વાદીનો જવાબ , લેખિત દલીલોતથા બંને પક્ષોની મૌખિક દલીલો સાંભળી.હવે જયારે પ્રતિવાદી તરફે સી.પી.સી ઓર્ડર ૭ રુલ ૧૧ (એ) અને (ડી) મુજબ વાદીનો દાવો રદ કરવાની અરજી આપેલ છે તે સંજોગોમાં સદર જોગવાઈ વંચાણે લેવામાં આવે છે જે નીચે મુજબ છે .

**<u>O.7 R 11. Rejection of plaint</u>**.— The plaint shall be rejected in the following cases:—

(a)where it does not disclose a cause of action;

(b) where the relief claimed is undervalued, and the plaintiff, on being required by the Court to correct the valuation within a time to be fixed by the Court, fails to do so;

(c) where the relief claimed is properly valued, but the plaint is returned upon paper insufficiently stamped, and the plaintiff, on being required by the Court to supply the requisite stamp-paper within a time to be fixed by the Court, fails to do so;

(d) where the suit appears from the statement in the plaint to be barred by any law;

(e) where it is not filed in duplicate;

(f) where the plaintiff fails to comply with the provisions of rule 9

Provided that the time fixed by the Court for the correction of the valuation or supplying of the requisite stamp-paper shall not be extended unless the Court, for reasons to be recorded, is satisfied that the plaintiff was prevented by any cause of an exceptional nature from correcting the valuation or supplying the requisite stamp-paper, as the case may be, within the time fixed by the Court and that refusal to extend such time would cause grave injustice to the plaintiff.

ઉપરોક્ત જોગવાઈના અનુસંધાને વાદીનો દાવો સદર જોગવાઈમાં દર્શાવેલ સંજોગોમાં પડતો હોય તો દાવો રદ થાય છે.

(૪) સિવિલ પ્રોસીજર કોડની જોગવાઈ ઓર્ડર ૭ રુલ ૧૧ મુજબની કાર્યવાહી Becharbhai Zaverbhai Patel and Anr. VS JAshbhai Patel , Hon'ble Gujarat High Court ,April 10,2012 માં ઠરાવ્યા મુજબ ટ્રાયલના કોઈપણ તબ્બકે થઈ શકે છે અને આ કાર્યવાહી સંદર્ભે વાદીની દાવાઅરજી તથા વાદી તરફે રજુ થયેલ દસ્તાવેજોને ધ્યાને લઈ ટ્રાયલ કોર્ટે નિર્ણય કરવાનો રહે છે . દાવા અરજીમાં દાવાના કારણ અંગે સંદર્ભે નામદાર સર્વોચ્ચ અદાલતે **DAHIBEN VS ARVINDBHAI KALYANJI BHANUSALI & Ors, CIVIL APPEAL NO. 9519 OF 2019** ના પેરા નં ૧૨.૧ માં ઠરાવેલ છે કે "The remedy under Order VII Rule 11 is an independent and special remedy, wherein the Court is empowered to summarily dismiss a suit at the threshold, without proceeding to record evidence, and conducting a trial, on the basis of the evidence adduced, if it is satisfied that the action should be terminated on any of the grounds contained in this provision. The underlying object of Order VII Rule 11 (a) is that if in a suit, no cause of action is disclosed, or the suit is barred by limitation under Rule 11 (d), the Court would not permit the plaintiff to unnecessarily protract the proceedings in the suit. In such a case, it would be necessary to put an end to the sham litigation, so that further judicial time is not wasted."

વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે દાવાના કારણ અંગે પેરા નં ૧૩ માં જણાવેલ છે કે "Cause of action" means every fact which would be necessary for the plaintiff to prove, if traversed, in order to support his right to judgment. It consists of a bundle of material facts, which are necessary for the plaintiff to prove in order to entitle him to the reliefs claimed in the suit.

In Swamy Atmanand v. Sri Ramakrishna Tapovanam this Court held : “24. A cause of action, thus, means every fact, which if traversed, it would be necessary for the plaintiff to prove an order to support his right to a judgment of the court. In other words, it is a bundle of facts, which taken with the law applicable to them gives the plaintiff a right to relief against the defendant. It must include some act done by the defendant since in the absence of such an act, no cause of action can possibly accrue. It is not limited to the actual infringement of the right sued on but includes all the material facts on which it is founded”

In T. Arivandandam v. T.V. Satyapal & Anr.9 this Court held that while considering an application under Order VII Rule 11 CPC what is required to be decided is whether the plaint discloses a real cause of action, or something purely illusory, in the following words : -

“5. …The learned Munsiff must remember that if on a meaningful – not formal – reading of the plaint it is manifestly vexatious, and meritless, in the sense of not disclosing a clear right to sue, he should exercise his power under O. VII, R. 11, C.P.C. taking care to see that the ground mentioned therein is fulfilled. And, if clever drafting has created the illusion of a cause of action, nip it in the bud at the first hearing …” (emphasis supplied) Subsequently, in I.T.C. Ltd. v. Debt Recovery Appellate Tribunal, 10 this Court held that law cannot permit clever drafting which creates illusions of a cause of action. What is required is that a clear right must be made out in the plaint.

If, however, by clever drafting of the plaint, it has created the illusion of a cause of action, this Court in Madanuri Sri Ramachandra Murthy v. Syed Jalal11 held that it should be nipped in the bud, so that bogus litigation will end at the earliest stage.

The Court must be vigilant against any camouflage or suppression, and determine whether the litigation is utterly vexatious, and an abuse of the process of the court.

ઉપરોક્ત નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ સિદ્ધાંતો તથા ચુકાદા સંદર્ભે વાદીએ પોતાના દાવામાં દાવાનું કારણ સ્પસ્ટ રીતે દર્શાવવું પડે .જે મુજબ કાયદાકીય જોગવાઈઓ તથા નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ ચુકાદા તથા અવલોકન મુજબ વાદીએ પોતાની દાવાઅરજીમાં દાવાનું કારણ સ્પસ્ટ દર્શાવેલ ન હોય તો સિવિલ કોર્ટ દ્વારા સિવિલ પ્રોસીજર કોડની જોગવાઈ ઓર્ડર ૭ રુલ ૧૧ મુજબ દાવો રીજેક્ટ કરી શકાય છે .

(૫) વાદી તરફે રજુ થયેલ દાવાઅરજીની તમામ હકીકત તથા નિશાની ૩/૧ થી ૩/૧૩ ના દસ્તાવેજી કાગળો વંચાણે લેવામાં આવેલ છે .વાદીની દાવાઅરજીના પેરા નં – ૫ માં દાવાનું કારણ દર્શાવેલ છે જે નીચે મુજબ છે

“આજથી પંદરેક દીવસ અગાઉ અમો વાદીઓ ખેતરમાં ખેતી કામ કરતા હતા ત્યારે આ કામના પ્રા.વાદી કેટલાક અજાણ્યા ઈસમોને લઈ આવેલા હતા અને અમોને જણાવેલ કે આ ખેતીની જમીન મારા પિતાજીની છે અને મેં આ ખેતીની જમીનમાં વારસાઈ કરાવેલ છે અને વારસાઈ થી મારું નામ દાખલ થયેલ છે અને આ ખેતીની જમીન તમો ખાલી કરી દેજો આ ખેતીની જમીન મારે વેચવાની છે અને હું થોડા દીવસો માં આ ખેતીની જમીનનું બાનાખત કરવાની છુ અને તેથી અમોએ પ્રા.વાદીને સમજાવવાનો પ્રયત્ન કરેલો અને અમારા બાપદાદાના વખતથી તમારા પિતાજીએ મારા વડવાઓને આ ખેતીની જમીન સ્થળઉપર રૂા.૨૦૦૦/– ચુકવી આપેલા અને વેચાણ પેટે નાણાં ચુકવી આપેલા અને ત્યારથી આજદીન સુધી અમો ખેડ આતર કરીએ છીએ અને અમોએ તમારી સાથે તમામ વ્યવહારો

કુટુંબી તરીકે કરેલા છે, અને હાલ તમો આ ખેતીની જમીન અન્ય ત્રાહીત ને વેચાણ બાનાખત કરવાની વાત કરો છો તે વ્યાજબી નથી, અને ત્યારે આ કામના પ્રા.વાદીએ ગુનાહીત ધમકીઓ ઉચ્ચારેલ અને જણાવેલ કે ભલે તમારા બાપદાદાએ મારા પિતાને નાણાં આપી દીધા હોય પણ આ જમીન અમારી છે અને અમારે વેચવાની છે, તમો અહી થી ચાલ્યા જાવ નહી તો જોયા જેવી થઈ જશે અને આ જમીન અમો બીજાને હવે વેચી મારવાના છીએ તેવા જાસા ઉચ્ચારતાં અમો વાદી તથા અન્ય માણસો ભેગા થઈ ગયેલા અને જેથી આ કામના પ્રા.વાદી તથા તેમની સાથે આવેલા અજાણ્યા માણસો ખેતરમાં થી ભાગી ગયેલા હતા. ત્યાર બાદ પણ અમો દશેક દીવસ જેટલું સમાજના માણસો અને આગેવાનોને લઈ પ્રા.વાદીને સમજાવટ કરવા પણ ગયેલા પણ પ્રા.વાદી માનેલા નહીં અને અમો સાથે સમાધાન કરવા તૈયાર ના હોવાથી અને આ કામના પ્રા.વાદીએ તેમના ગુજરનાર પિતા એ સને. ૧૯૯૦ ની સાલથી સ્થળ ઉપર સદર જમીનનો ઘરમેળે અવેજ સ્વીકારીને સને–૧૯૭૫ના કરાર ઉપર અલાયદું લખાણ કરી આપેલ અને ત્યાર થી આજદીન સુધી સતત અને સળંગ કબજો ભોગવટો અમો વાદીનો હોવા છતાંપણ આ કામના પ્રા.વાદી અને તેમના મળતીયાઓએ ગેરકાયદેસર રીતે અમારા કબજા ભોગવટામાં હેલો હરકત કરતાં હાલનો દાવો કરી સતત કબજાના આધારે માલીક ઠરાવવાનો અને કાયમી મનાઈ હુકમ મેળવવાનું કારણગામ વીરપુર મધ્યે આપ નામદાર સાહેબની હકુમતમાં રોજેરોજનું ઉપસ્થિત થયેલ છે.”

ઉપરોક્ત કારણ સંદર્ભે વાદીના દાવાની હકીકત મુજબ વાદી નિશાની ૩/૪ થી રજુ દસ્તાવેજ પર આધાર રાખે છે જે વંચાણે લેતા સદર દસ્તાવેજમાં સ્થાવર મિલકતનો કબ્જા ગીરો દસ્તાવેજ તેવું ટાઈટલ લખેલું વંચાય છે જેમાં ૦૩/–રૂ નો છે સ્ટેમ્પ છે જે તા સને

૧૯૭૫ ની સાલનો છે અંને તેમાં લખાણ વંચાણે લેતા લખાવી લેનારમાં સોલંકી ધૂળસંગ કાળુસંગ તથા બારિયા હીરાભાઈ બાબુભાઈનું નામ વંચાય છે અને લખી આપનાર તરીકે હુસેનભાઈ સીધીભાઈ નું નામ લખેલું વંચાય છે.જે દસ્તાવેજમાં મહંમદભાઈ ગલુભાઈની કોઈ પણ જગ્યાએ સહી નથી.વધુમાં આ જ દસ્તાવેજમાં તા – ૫/૦૬/૧૯૯૦ ના રોજ વધુ લખાણ કરવામાં આવેલ છે તેમાં પણ મહંમદભાઈ ગલુભાઈનાઓની સહી નથી અને ફક્ત પ્રતાપભાઈ છત્રાભાઈ બારિયાના નામની સહી છે .જે મુજબ નિશાની ૩/૪ વાળા દસ્તાવેજમાં અલગ અલગ તારીખે બે લખાણ લખવામાં આવેલ છે જે દસ્તાવેજ રજીસ્ટર દસ્તાવેજ નથી અને લખાણ મુજબ દાવાવાળી મિલકત મહંમદભાઈ ગલુભાઈને વેચાણ આપેલ હોય કે કબજો આપેલ હોય અને કબજો કે માલિકી મહંમદભાઈ ગલુભાઈએ સ્વીકારેલ હોય તેવું ફલિત થતું નથી. વધુમાં વાદીઓ તરફે નિશાની ૩/૪ વાળા દસ્તાવેજના આધારે સને ૧૯૯૦ થી કબજો મળ્યો તેવી હકીકત દર્શાવેલ છે જયારે વાદીએ દાવાવાળી મિલકતમાં ખેતી કરતા હોય તે સંદર્ભે ઉપજ મેળવતા હોય કે દાવાવાળી જમીન પોતાના નામે કરાવેલ હોય કે કરાવવાની રહી ગયેલ હોય તે બાબતે કોઈ હકીકત જણાવેલ નથી. વધુમાં સને ૧૯૯૦ થી દાવાવાળી મિલકતનો કબજો અને વેચાણ કરેલ હોય અને મહંમદભાઈ ગલુભાઈને સોપેલ હોય તો વાદી તરફે નિશાની ૩/૬ થી ૩/૯ ના દસ્તાવેજમાં હુસેનભાઈ સીધીભાઈનું નામ શિક્ષણ ઉપકરમાં જણાઈ આવે છે અને તેમાં સને સને ૧૯૯૪ સુધી નામ વંચાય છે. જે મુજબ વાદીએ રજુ કરેલ દસ્તાવેજમાં સને ૧૯૯૪ સુધી હુસેનભાઈ સીધીભાઈનું નામ શિક્ષણ ઉપકરમાં લખેલું વંચાય છે તે સંજોગોમાં મહંમદભાઈ ગલુભાઈનો દાવો કરવાનો અધિકાર (Right To Sue) તે સમયથી જ શરુ થઈ જાય .વધુમાં ૩/૧ થી ૩/3 માં વાદી તરફે રજુ થયેલ ગામ નમુના નં ૭/૧૨ અને ૮ માં આ કામના પ્રતિવાદી જુબેદાબનું હુસેનભાઈ સીદીભાઈનું નામ વંચાય છે જે અંગે રેવન્યુ

રેકર્ડમાં તા. ૫/૦૪/૨૦૧૧ ના રોજની સ્થિતિથી દર્શાવેલ છે . જે મુજબ મહંમદભાઈ ગલુભાઈને દાવાવાળી મિલકત અવેજ આપીને વેચાણ આપેલ હોય અંને તેઓએ દાવાવાળી મિલકત કબજે લીધેલ હોય તો તે અંગે દાવાવાળી મિલકતના રેવન્યુ રેકર્ડમાં આ અંગે કાર્યવાહી કરી શક્યા હોત અને નિશાની ૩/૫ થી રજુ મહંમદ ગલુભાઈનું મરણનું પ્રમાણપત્ર રજુ છે જે મુજબ તેઓએ કે વાદીઓએ કોઈ કાર્યવાહી કરેલ નથી અને વાદી તરફે ૩/૧ થી વાદી તરફે રજુ થયેલ ગામ નમુના નં ૭ માં આ કામના પ્રતિવાદી જુબેદાબનું હુસેનભાઈ સીદીભાઈનું નામ વંચાય છે તે સંદર્ભે પણ તે નોંધને ચેલેન્જ કરી હોત જે વાદીએ ચેલેન્જ કરેલ હોય તેવું દાવામાં જણાવેલ નથી અને રેવન્યુ રેકર્ડમાં વાદીની નોંધ ચાલતી આવે છે તે અંગે તેઓ જાણતા હતા કે કેમ તે અંગે પણ કોઈ હકીકત જણાવેલ ન હોય વાદી શરૂઆતથી આ અંગે માહિતી જાણતા હોવાનું અનુમાન થાય છે જે મુજબ વાદીએ શરૂઆતથી જ પોતાના હક્કો પ્રત્યે જાગૃત રહી સમયમર્યાદામાં દાવો કરેલ નથી તેવું જણાઈ આવે છે .

(૫.૧) **DAHIBEN VS ARVINDBHAI KALYANJI BHANUSALI & Ors, CIVIL APPEAL NO. 9519 OF 2019** માં નામદાર સર્વોચ્ચ અદાલતે સમયમર્યાદા અંગે પેરા નં ૧૪ માં ઠરાવેલ છે કે “14. The Limitation Act, 1963 prescribes a time-limit for the institution of all suits, appeals, and applications. Section 2(j) defines the expression “period of limitation” to mean the period of limitation prescribed in the Schedule for suits, appeals or applications. Section 3 lays down that every suit instituted after the prescribed period, shall be dismissed even though limitation may not have been set up as a defence. If a suit is not covered by any specific article, then it would fall within the residuary article. Articles 58 and 59 of the Schedule to the 1963 Act, prescribe the period of limitation for filing a suit where a declaration is

sought, or cancellation of an instrument, or rescission of a contract, which reads as under :

| **Description of suit** | **Period of limitation Time** | **from which period begins to run** |
|---|---|---|
| 58. To obtain any other declaration | Three years | When the right to sue first accrues. |

ઉપરોક્ત જોગવાઈના અનુંશંધાને વાદીએ પોતાનો દાવો કરવાનો હક્ક ઉદ્દભવે તે સંજોગોમાં ત્રણ વર્ષમાં ડેકલેરેશન માટે દાવો કરવો પડે .જયારે સને ૧૯૯૪ સુધી શિક્ષણ ઉપકરમાં હુસેનભાઈ સીદીભાઇનું નામ છે તે સંજોગોમાં પણ વાદીના વડવા કે વાદીઓ દ્વારા કોઈ કાર્યવાહી કરેલ નથી અને વાદી તરફે રજુ રેવન્યુ રેકર્ડ જોતા પણ તા. તા ૫/૦૪/૨૦૧૧ ના રોજની સ્થિતિએ પણ આ કામના પ્રતિવાદીનું નામ છે છતાં પણ આ અંગે વાદીઓએ મૌન સેવેલ છે જે મુજબ વાદીએ સમયમર્યાદામાં હાલનો દાવો કરેલ નથી . વધુમાં નિશાની ૩/૪ ના દસ્તાવેજમાં તેમના વડવાની કોઈ સહી નથી અને તેના આધારે ૧૯૯૦ થી કબજો ધરાવે છે અને દાવાના દાખલ કર્યા પહેલા ૧૫ દિવસ પહેલા પ્રતિવાદી દ્વારા વાદી ખેતીમાં કામ કરતા તે સમયે આવીને દાવાના કારણમા જણાવ્યા મુજબની હકીકત બની ત્યારથી દાવાનું કારણ બન્યું તેવું જણાવવાથી વાદીનું સ્પસ્ટ અને સાચું કારણ ઉપસ્થિત થતું નથી અને વાદીનો દાવો સમયમર્યાદામાં આવી જતો નથી. જે મુજબ વાદીએ દાવાની હકીકત સ્પસ્ટપણે જણાવેલ નથી અને દાવાનું કારણ પણ સ્પસ્ટ ન હોય અને વાદીનો દાવો તથા રજુ થયેલ દસ્તાવેજી કાગળો જોતા વાદીએ દાવામાં દર્શાવેલ અધુરી હકીકતો સંદર્ભે વાદીનો દાવો ટકવાપાત્ર જણાઈ આવતો ન હોય નામદાર સર્વોચ્ચ અદાલતના સિદ્ધાંતોને ધ્યાનમાં લેતા વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નડતો હોય

અને વાદીનું દાવાનું કારણ સ્પસ્ટ ન હોય હોય સિવિલ પ્રોસીજર કોડની જોગવાઈ ઓર્ડર ૭ રુલ ૧૧ મુજબ રીજેક્ટ કરવો ન્યાયના હિતમાં જરૂરી જણાતું હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે .

## હુકમ

- પ્રતિવાદીની અરજી મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે .
- વાદીનો દાવો સિવિલ પ્રોસીજર કોડ,૧૯૦૮ ની જોગવાઈ ઓર્ડર ૭ રુલ ૧૧(એ) તથા (ડી) મુજબ રીજેક્ટ કરવાનો હુકમ કરવામાં આવે છે .
- આંક – ૦૧ લગત હુકમ કરવામાં આવે છે .
- ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ તા. ૧૨ માહે નવેમ્બર સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો .

તા – ૧૨/૧૧/૨૦૨૪

( ડી.એમ .પરમાર )
પ્રિન્સિપાલ સિવિલ જજ
વિરપુર , જી – મહીસાગર
GJ01563